# નાના દિવડે દિવાળી : દાબેલીવાળાની દમદાર સંઘર્ષકથા

## કર્ણાવતી દાબેલીવાળા ચંદ્રકાન્તભાઈના દિકરાને ઓસ્ટ્રેલિયામાં મોટી સોફ્ટવેર કંપનીમાં જોબ મળી : કેયુર ભાવસારે ગણપત યુનિવર્સિટીમાં દરેક સેમેસ્ટરમાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ મેળવ્યો છે

ગાંધીનગર, તા. ૨૯

મહેનત એ એવી સોનેરી ચાવી છે જે ભાગ્યના દ્વાર ઉઘાડી નાખે છે. ગાંધીનગરમાં વર્ષ ૧૯૯૮ થી દાબેલીનો વ્યવસાય કરતા ચંદ્રકાન્તભાઈ વસંતભાઈ ભાવસારનો દિકરો ઓસ્ટ્રેલિયા ખાતે મેલબોર્નમાં સોફ્ટવેર ડેવલપરની ખૂબ સારી જોબ કરી રહ્યો છે. ગણપત યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડાલિસ્ટ થયેલો ચંદ્રકાન્તભાઈ ભાવસારનો દિકરો કેયુર ભાવસાર ૩ વર્ષથી મેલબોર્ન ખાતે અભ્યાસ પૂર્ણ કરીને મોટી કંપનીમાં જોબ કરી રહ્યો છે.

જલગાવ, મહારાષ્ટ્રના મૂળ વતની અને પેથાપુર ખાતે રહેતા ભાવસાર પરિવારના દિકરાએ પોતાના પિતાને ખૂબ મોટું ગૌરવ અપાવ્યું છે. સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર પાસે કર્ણાવતી દાબેલીનો વ્યવસાય કરતા ચંદ્રકાન્તભાઈએ પોતાના બે દિકરાઓના શિક્ષણ માટે કમર કસી કાઢી છે. કેયુરની માતા વર્ષ ૨૦૦૭ માં સ્વર્ગલોક પામતા માતાની છત્રછાયા ગુમાવનાર બન્ને દિકરાઓના ચંદ્રકાન્તભાઈએ પોતાની કમર કસીને તનતોડ મહેનત દ્વારા બન્ને દિકરાઓને સારૂ શિક્ષણ અપાવીને સફળતાના શીખરો સર કરાવ્યા છે. નાનો દિકરો પણ ગણપત યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર એપ્લિકેશન વિષયમાં અભ્યાસ કરી રહ્યો છે. કેયુર ભાવસારને કોમ્પ્યુટર વિષયમાં સૌથી વધારે રસ હતો. અભ્યાસમાં ખૂબ હોંશિયાર એવા કેયુર ભાવસારને એમસીએ બાદ ઓસ્ટ્રેલિયામાં જવાનો વિચાર આવતા તેના પિતાને જાણ કરી હતી પરંતુ આર્થિક રીતે સદ્ધર ન હોવાથી તેના પિતાએ આ વિચાર રદ કર્યો હતો. પરંતુ પોતાનું સપનું સાકાર કરવા ઘણા બધા લોકોના માર્ગદર્શન મેળવ્યા અને અંતે સાચો માર્ગ મળતા IELTS સંસ્થામાં પ્રથમ પરીક્ષામાં જ ઉત્તિર્ણ થઈને સાડા છ પોઈન્ટ બોન્ડ મેળવીને ઓસ્ટ્રેલિયા જવાનું સપનું સાકાર કર્યું. આ સપના પાછળ તેમના પિતાએ ૧૫ લાખની સરકારી એજ્યુકેશન લોન તથા એલઆઈસીમાંથી સાડા ચાર લાખની લોન લીધી હતી. ઓસ્ટ્રેલિયા જઈને AMITનો અભ્યાસ કર્યો અને ત્યાર પછી સોફ્ટવેર કંપનીમાં મોટી સેલરી સાથે જોબ કરી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાનું શિક્ષણ એ કેનેડા કરતા પણ મોંઘુ છે. કેયુર ભાવસારે જોબ મળતા તેના પિતા અને ભાઈને પણ ઓસ્ટ્રેલિયા સાથે લઈ જવા માટેની ઈચ્છા વ્યક્ત કરી હતી. કોરોનાકાળમાં દરેક વ્યક્તિને હેરાનગતિ થઈ હતી ત્યારે કેયુર ભાવસારને પણ ઘણો કષ્ટ વેઠવો પડ્યો હતો તેમ છતાં પોતાના કષ્ટનો ખ્યાલ તેના પિતાને થવા દીધો નહોતો. ચંદ્રકાન્તભાઈએ પોતાના દિકરાઓને ભણાવવા માટે એક જ ટાઈમ જમવાનું પસંદ કર્યું હતું.








### મારો દિકરો મારા ઘરનો ગૃવ સ્થંભ છે

કેયુર ભાવસારના વખાણ કરતા તેના પિતાની આંખમાંથી આંસુ છલકાઈ ગયા હતા. મા વિનાના દિકરાઓને કોઈ દિવસ માતાની કમી મહેસુસ થવા દીધી જ નથી. બન્ને દિકરાઓએ પિતાની છત્રછાયામાં રહીને પિતાની મહેનતનું ફળ આપ્યું છે.

કર્ણાવતી દાબેલી ખાતે આવતા યુવાવર્ગને ચંદ્રકાન્તભાઈ પોતાના માતા-પિતાની મહેનતને સાકાર કરવા અને સારા માર્ગે જવા પ્રેરણા આપતા રહે છે.

### કર્ણાવતી દાબેલીના ગ્રાહકોએ ફૂલ સપોર્ટ કર્યો

ચંદ્રકાન્તભાઈના જણાવ્યા મુજબ ૨૫ વર્ષથી પંચદેવ મંદિર આસપાસ દાબેલીનો વ્યવસાય કરી રહ્યા છે. જેમા ગ્રાહકોનો સારો એવો સંપર્ક થવાથી પરિવારની જેમ લોકો આર્થિક મદદ માટે તૈયાર રહેતા હોય છે. કોરોના કાળમાં બધા જ વ્યવસાયો ઠપ્પ થઈ ગયા હતા તેવામાં તેમને ગ્રાહકોએ ખૂબ જ મદદ કરી હતી. દિકરાને ઓસ્ટ્રેલિયા મોકલવામાં પણ કેટલાક ગ્રાહકોએ મોટો ફાળો આપ્યો હતો.

# જન્મદિવસ અનોખી ઉજવણી : વૃક્ષા રોપણ અને સેવા કાર્ય સંકલ્પ







ગાંધીનગર, તા. ૨૯

સામવેદ ગ્રુપના બિલ્ડર જીગ્નેશભાઈ પટેલના દિકરા ઝીલનો જન્મદિવસ માનસ યોગ સેવા ટ્રસ્ટ, ગાંધીનગરના સહયોગથી 'ભારતીય વૈદિક પરંપરા' પ્રમાણે ખૂબ જ દિવ્યતાથી ઉજવી સમાજ માટે એક નવું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. જન્મદિવસ ઉજવણીની શરૂઆત વૈદિક હવન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ માનસ યોગ સેવા ટ્રસ્ટ પરિવારના સદસ્યોએ જન્મદિવસ ઉજવણીનું મહત્વ સમજાવતા દીકરાને નવા સંકલ્પ સાથે જીવનમાં આગળ વધવા તથા ઈશ્વરીય ઉમદા સેવા કાર્ય કરવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ઉપરાંત જીગ્નેશભાઈના તમામ પરિવારજનોએ જીલને આશીર્વચન આપ્યા. કાર્યક્રમમાં ગાંધીનગરના લગભગ તમામ બિલ્ડરસોએ હાજરી આપી હતી. સંસ્થાનું એક અભિયાન રહ્યું છે કે કોઈપણના જન્મદિવસે ઉજવણી નિમિત્તે એક વૃક્ષાનું રોપણ કરી આખું વરસ તેનું જતન કરવું. આ પરંપરાને આગળ વધારતા યોગાચાર્ય ડોક્ટર કાનજીભાઈ બાવરી દ્વારા જીગ્નેશ ભાઈના દીકરાના હસ્તે વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત આપણી ભારતીય પરંપરા પ્રમાણે દીકરાના વર્ષ જેટલા દીવડા પ્રગટાવી દીપ યજ્ઞ દ્વારા તથા ફ્રુટ અને જુવારના લોટના બનેલ કેક દ્વારા ખુબ જ સાત્વિક રીતે ઉજવણી કરવામાં આવી હતી.

# શહેરમાં પ્રથમવાર જ યોજાયેલ રાષ્ટ્રીય કેરી મહોત્સવને ભવ્ય સફળતા

## રાષ્ટ્રીય મેંગો ફેસ્ટિવલમાં ૧.૪૩ કરોડથી વધુ રૂપિયાની કેરી અને અન્ય બનાવટોનું વેચાણ થયું : ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત રાષ્ટ્રીય મેંગો મહોત્સવનો સમાપન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં યોજાયેલા રાષ્ટ્રીય મેંગો મહોત્સવને ભવ્ય પ્રતિસાદ સાંપડ્યો છે. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત રાષ્ટ્રીય કેરી મહોત્સવનો કાલે સમાપન સમારોહ યોજાયો હતો. આ ત્રિદિવસીય કેરી મહોત્સવમાં ૧ કરોડ ૪૩ લાખ ૬૨ હજારથી વધુ રૂપિયાની કેરી અને અન્ય બનાવટોનું વેચાણ થયું હતું.

આ પ્રસંગે પ્રવાસન નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આલોકકુમાર પાંડે કહ્યું કે, 'રાષ્ટ્રીય મેંગો મહોત્સવનું આયોજન સફળ રહ્યું છે. ગુજરાત સહિત દેશના કેરીના ઉત્પાદકો અને વેચાણકર્તાઓએ આયોજન અંગે સંતોષ વ્યક્ત કર્યો છે. અને ૩ ના બદલે આવતા વર્ષે ૩૦ દિવસ લાંબો મેંગો ફેસ્ટવલ યોજાવાની માંગ કરી છે જે ખરેખર આ આયોજન ની સફળતા દર્શાવે છે. એગ્રીકલ્ચર ટુરિઝમને વેગ આપવા માટે રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે, જેમાં પ્રવાસન વિભાગ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

?વધુ માં તેઓ એ જણાવ્યું કે માત્ર ત્રણ દિવસમાં કેરી અને કેરીની અન્ય બનાવટોનું ૧ લાખ ૪૩ હજારથી વધુ કિલોગ્રામ વેચાણ થયું છે જેની જેની કિંમત રૂપિયા ૧ કરોડ ૪૩ લાખ ૫૨ હજાર થાય છે. ગુજરાત સિવાય અન્ય રાજ્યોની ૨૧,૮૦૦ કિલોગ્રામ કેરી વેચાણ થયું છે જેની કિંમત ૪૩ લાખ ૬૦ હજાર થાય છે, ગુજરાતની ૧ લાખ ૨૧ હજાર કિલોગ્રામ કેરીનું વેચાણ થયું છે જેની કિંમત ૯૭ લાખ રૂપિયા થાય છે. રૂ. ૨ લાખ ૯૦ હજારની કેરીની અન્ય બનાવટોનુ વેચાણ થયું છે.

?ગાંધીનગરમાં પ્રથમવાર આયોજિત રાષ્ટ્રીય મેંગો મહોત્સવમાં ગુજરાત અને ભારતના અન્ય પ્રાંતોની કેરીઓના વેચાણના સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા હતા. ગુજરાત અને ભારતના અન્ય પ્રાંતોની કેરીઓનું પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય કેરી મહોત્સવમાં પ્રવાસન નિગમના મેનેજિંગ ડિરેક્ટર આલોકકુમાર પાંડે દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સહિત દેશના કેરીના ઉત્પાદકો અને વેચાણકર્તાઓએ આયોજન અંગે સંતોષ વ્યક્ત કર્યો છે. અને ૩ ના બદલે આવતા વર્ષે ૩૦ દિવસ લાંબો મેંગો ફેસ્ટીવલ યોજવાની સફળતા દર્શાવી છે. એગ્રીકલ્ચર ટુરિઝમને વેગ આપવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે જેમાં પ્રવાસન વિભાગ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તેમ આલોક પાંડેએ જણાવ્યું હતું. ત્રણ દિવસમાં કેરી અને કેરીની અન્ય બનાવટોનું ૧ લાખ ૪૩ હજારથી વધુ કિલોગ્રામ વેચાણ થયુ હતુ. જેની કિંમત ૧ કરોડ ૪૩ લાખ ૫૨ હજાર થાય છે. ગુજરાત સિવાય અન્ય રાજ્યોની ૨૧,૮૦૦ કિલો કેરીનું વેચાણ થયું હતું. જેની કિંમત ૪૩ લાખ ૬૦ હજાર થાય છે. ગુજરાતની ૧ લાખ ૨૧ હજાર કિલો કેરીનું વેચાણ થયું હતું જેની કિંમત ૯૭ લાખ રૂપિયા થાય છે. ૨ લાખ ૯૦ હજારની કેરીની અન્ય બનાવટોનું વેચાણ થયું હતું.

ગુજરાત અને ભારતના અન્ય પ્રાંતોની કેરીઓનું પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાં આગવી ઓળખ ધરાવતી કેરીની જાતનું ખેડૂતો સીધા જ ઉપભોગતાને વેચાણ કરી શકે તેવા હેતુથી મેંગો ફેસ્ટિવલનું આયોજન કર્યું હતું. આ પ્રકારના આયોજનથી ગાંધીનગર તેમજ રાજ્યના અન્ય શહેરોના લોકોને ગુણવત્તાયુક્ત કેરી પ્રાપ્ત થશે. મેંગો ફેસ્ટિવલથી સ્થાનિક લોકોને રોજગારીની નવીન તકો પ્રાપ્ત થવાથી આર્થિક રીતે પગભર બનવામાં સહાયતા પ્રાપ્ત થઈ છે. બાગાયતી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને કેરીની નવીન પ્રકારની વેરાયટીઝ વિશે પણ માહિતી પ્રાપ્ત થઈ છે.





# રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ

## આગામી સપ્તાહમાં ફરીથી વધશે ગરમી : અમદાવાદ સહિત રાજ્યના ગાંધીનગર, ભાવનગર અને સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતીઓને બસ થોડા દિવસની રાહ જોવી પડશે જે બાદ કાળઝાળ ગરમીમાંથી રાહત મળી જશે. હવામાન વિભાગે આ અંગે કહ્યું છે કે, નૈઋત્યનું ચોમાસું કેરળથી માત્ર ૨થી ૩ દિવસ જ દૂર છે. જે બાદ ચોમાસાનું આગમન થશે અને ગુજરાત તરફ આગમન થશે. આ સાથે હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, રાજ્યમાં ગરમીમાં ઘટાડો નોંધાયો છે. ૧૦ શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રીથી નીચે જતુ રહ્યું છે. માત્ર ચાર શહેરોમાં જ ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર થયો છે. જ્યારે અમદાવાદમાં આજ સવારથી જ વાદળછાયું વાતાવરણ છવાયું છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, દક્ષિણ-પશ્ચિમી ગરમ પવનની અસરથી આગામી અઠવાડિયામાં અમદાવાદ સહિત રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ગરમીનો પારો વધવાની શક્યતા રહેલી છે. અનેક શહેરોમાં ૧થી ૨ ડિગ્રી પારો વધી શકે છે.


ખાસ કરીને અમદાવાદમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા હોવાની શક્યતા રહેલી છે. ત્યારે હવામાન વિભાગના આંકડા મુજબ, શનિવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૧.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૮.૫ ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે અમદાવાદ સહિત રાજ્યના ગાંધીનગર, ભાવનગર અને સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો હતો. જ્યારે અન્ય શહેરોનું તાપમાન ૩૯ ડિગ્રીથી નીચે નોંધાયું હતું.

# PGVCL જુનિયર આસિસ્ટન્ટ પરીક્ષામાં સીલ તૂટેલા નીકળ્યા

## ગુજરાતમાં વધુ એક પેપરલીકની ઘટના : ચૌધરી હાઈસ્કુલના કેમ્પસમાં આવેલ એક શાળામાં પરીક્ષામાં વિદ્યાર્થીઓ દ્વારા ફરિયાદ કરવામાં આવી છે

રાજકોટ, તા.૨૯

ગુજરાતમાં વધુ એક સરકારી નોકરી માટેની પરીક્ષા વિવાદમાં આવી છે. વધુ એક પરીક્ષામાં પેપર સીલ તૂટવાનો આરોપ ઉઠ્યો છે. રાજકોટમાં



PGVCL જુનિયર આસિસ્ટન્ટ પરીક્ષામાં વિવાદ સર્જાયો છે. રાજકોટ સેન્ટર ઉપર ક્લાસમાં ૨૦ વિદ્યાર્થીઓના પેપરનું સિલ તૂટેલ હોવાનો આક્ષેપ થયો છે. ચૌધરી હાઈસ્કુલના કેમ્પસમાં આવેલ એક શાળામાં પરીક્ષામાં વિદ્યાર્થીઓ દ્વારા ફરિયાદ કરવામાં આવી છે. અગાઉની અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની જેમ PGVCLની જુનિયર આસિસ્ટન્ટની પરીક્ષામાં પણ ગેરરીતિ થયાની ગંધ આવી છે. પરીક્ષા આપવા આવેલા ૨૦ ઉમેદવારોએ ફરિયાદ કરી કે, તેમના હાથમાં આવેલુ પેપરનુ સીલ તૂટેલુ હતુ. જેથી વિદ્યાર્થીઓએ તાત્કાલિક પ્રિન્સીપાલને જાણ કરી હતી. જેથી તેઓએ તાત્કાલિક અસરથી પગલા લેવાની વાત કરી હતી. એક ઉમેદવારે કહ્યુ કે, પર્સનલ પેપરમાં જે સીલ હતા તે તૂટેલા હતા. મારી ક્લાસમાં લગભગ ૧૭ સીલ તૂટેલા હતા. અમે આ વિશે ફરિયાદ કરી. જેટલાના સીલ તૂટેલા હતા, તેમની સહી લઈને આગળની કાર્યવાહી કરવાની વાત કરી હતી. જે પેપરમાં અરજી કરી તેના કરતા બીજા પેપરમાં સહી કરાવાઈ હતી. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ સરકાર પર પ્રહાર કરતા કહ્યુ કે, જે વિદ્યાર્થીઓ સરકારી નોકરી માટે પરીક્ષા આપવા પહોંચે. પહેલીવાર નથી કે ઢાંકપિછોડો કરીએ, અહી તો વારંવાર પેપર ફૂટે છે. સરકારી નોકરીમાં ભાઈ-ભતીજાવાદનુ જે કાવતરુ ચાલે છે, તેમાં મહેનત કરતા વિદ્યાર્થીઓનુ સપનુ રગદોળાય છે.

# મુખ્યસચિવ પંકજકુમાર અને ડીજીપી આશિષ ભાટિયા ૮ મહિનાનું એક્સટેન્શન

ગાંધીનગર, તા.૨૯

કેબિનેટ કમિટી ઓન એપોઈન્ટમેન્ટમાં બે મોટા નિર્ણયો લેવાયા છે. ગુજરાત સરકારે ગુજરાતના ડીજીપી બની રહેશે. આશિષ ભાટિયા ૩૧ મે ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. પરંતુ રાજ્યના ઢ્ઢઁઆશિષ ભાટિયાને ૮ મહિનાનું રહેશે. મુખ્ય સચિવના એક્સટેન્શનને કેન્દ્રએ લીલીઝંડી આપી છે.

ઉલ્લેખનીય છે કે,





નિમણૂક અંગે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. ગુજરાત સરકારે બે ટોચના અધિકારીઓને આપ્યુ ૮ મહિનાનુ એક્સટેન્શન છે. જેમાં ગુજરાતના પોલીસ વડા ડીજીપી આશિષ ભાટિયા અને મુખ્યસચિવ પંકજકુમારને ૮ મહિનાનું એક્સટેન્શન અપાયુ છે. ગુજરાતના ડીજીપી આશિષ ભાટિયા આગામી ૮ મહિના માટે એક્સટેન્શન અપાયું છે. કેબિનેટ કમિટી ઓન એપોઈન્ટમેન્ટ્સે ગૃહ મંત્રાલયની દરખાસ્ત મંજૂર કરી છે. તેથી તેઓ હવે આગામી ૮ મહિના સુધી આ પદ પર કાયમ રહેશે. ગુજરાત સરકારે મુખ્યસચિવ પંકજકુમારને પણ ૮ મહિનાનું એક્સટેન્શન આપ્યુ છે. જાન્યુઆરી ૨૦૨૩ સુધી પંકજ કુમાર મુખ્ય સચિવ પદ પર કાર્યરત વિધાનસભાના ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્ય પોલીસ વડા અને મુખ્યસચિવ બંનેને ૮ મહિનાના એક્સટેન્શનની જાહેરાત કરાઈ છે. આજે જ રાજ્ય સરકાર સત્તાવાર ઓર્ડર બહાર પાડશે. રાજ્ય સરકારે મે ૨૦૨૩ સુધી બંનેનો કાર્યકાળ લંબાવવા રજૂઆત કરી હતી. જેમાં ૮ મહિના સુધીની મંજૂરી મળી છે.